**આર.સી.એસ.નં.૬૬/૨૦૨૫**

**GJVD040032822024**

**<u>આંક–૧ લગત હુકમઃ</u>**

આ કામના વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ રૂ.૧૦૦૦/– ના આંકથી ડેકલેરેશન અને મનાઇ હુકમ માટે સીવીલ પ્રોસીઝર કોડ હેઠળ દાવો દાખલ કરેલ, જે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

હાલના કેસમાં રેકર્ડ વંચાણે લેતાં આંક–૧૦ થી વિડ્રો પુરસીસ મુજબ વાદી હાલના દાવાના પ્રતિવાદીઓ દવારા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી વાદીનો ભાગ આપેલ છે જેથી હાલનો દાવો ચલાવવાનો રહેતો ન હોય, દાવો વિડ્રો કરવાનુ પુરસીસથી જાહેર કરેલ છે. જે પુરસીસ રેકર્ડ ઉપર લેવામાં આવેલ. સદર કામે વાદીઓ હાલનો દાવો આગળ ચલાવવા માંગતા ન હોય, કાયદાકીય જોગવાઇઓને આધીન નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમઃ</u>**

(૧) વાદીનો દાવો આંક–૧૦ ની વિડ્રો પુરસીસ આધારે કાયદાકીય જોગવાઇઓને આધીન ફરી દાખલ કરવાની શરતે કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે વચગાળાનો જો કોઇ હુકમ થયો હોય તો, તે આથી વેકેટ કરવાનો હુકમ કરવામાં આવે છે

હુકમ આજરોજ તારીખ ૨૨મી, માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૨૨.૦૬.૨૦૨૬
સ્થળઃ પાદરા

**(આર.વી.લીંબાચીયા)**
સેકન્ડ એડી.સીનીયર સીવીલ જજ,
પાદરા, જી.વડોદરા.
આઇ.ડી.નં.જીજે૦૧૧૫૩

એમ.બી.પરમાર